RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 77 * Date: 08.1.2026,Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# વેનેઝુએલા પાસે રશિયાએ તેની સબમરીન તૈનાત કરી : સમગ્ર વિસ્તારમાં તંગદિલી



નવી દિલ્હી : સર્વવિદિત છે કે અમેરિકાએ વેનેઝુએલાનાં પાટનગર કારાકાસ પર હુમલો કરી તેને પ્રમુખ નિકોલસ માદુરો અને તેમનાં પત્નીની ધરપકડ કરી હતી. જેની રશિયા સહિત દુનિયાના દરેક દેશોએ ઉગ્ર ટીકા પણ કરી છે. આવી તંગદીલીભરી સ્થિતિમાં રશિયાએ વેનેઝુએલાનાં ઑઈલ-ટેન્કરને અમેરિકાની જપ્તીમાંથી બચાવવા પોતાની એક સબમરીન કેરેબિયન સી માં ગોઠવી દીધી છે. સમગ્ર કેરેબિયનમાં તંગદિલી વ્યાપી છે.

વૉલ-સ્ટ્રીટ-જર્નલનો રીપોર્ટ જણાવે છે કે રશિયા સાથે ઉત્તર એટ્લાંટિકમાં એક ખરાબ ઓઈલ ટેન્કરને એસ્કોર્ટ કરવા માટે એક સબમરીન અને અન્ય યુદ્ધ નૌકાઓ મોકલી છે. મરીનસ નામક આ ટેન્કર વેનેઝુએલાના જળ વિસ્તારમાંથઈ બહાર નીકળ્યું ત્યારથી તે અમેરિકી કોસ્ટગાર્ડની નજરમાં હતું. જોકે, આ જહાજ ખરાબ પણ થઈ ગયું છે. છતાં તેના પ્રવાસે અમેરિકી અધિકારીઓનું ધ્યાન ખેંચ્યું હતું. તેઓ તે ગ્લોબલ નેટવર્ક ઉપર સકંજો કસવા માગે છે જે રશિયા અને અન્ય પ્રતિબંધિત દેશો સાથે સંકળાયેલા ગેરકાયદે તેલની તસ્કરી કરી રહ્યા છે.પહેલાં બેલા-૧ નામથી ઓળખાતું આ તેલ વાહક જહાજ બે સપ્તાહથી પણ વધુ સમયથી વેનેઝુએલાની પાસેના તેના જળ વિસ્તારમાંથી અમેરિકન યુદ્ધ જહાજોની નાકાબંધીમાંથી છૂટવા કોશીશ કરી રહ્યું છે. આ જહાજ એટલાંટિકમાં જતાં પહેલાં ડૉક કરવામાં અને ક્રૂડ ઑઈલ લોડ કરવામાં નિષ્ફળ રહ્યું હતું.

## જમ્મુ કાશ્મીરના બિલાવરમાં અથડામણ, ત્રણ આતંકીઓ છૂપાયા હોવાની આશંકા, સર્ચ ઓપરેશન શરુ



જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લાના બિલાવર વિસ્તારમાં બુધવારે બપોરથી સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. કોહગ, કોમાદ નાલા અને ધનુ પરોલની આસપાસના વિસ્તારોમાં આ ઓપરેશન શરુ કરવામાં આવ્યું હતું. બિલાવરમાં ત્રણ આતંકવાદીઓ છૂપાયા હોવાની આશંકા છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બપોરના સુમારે ધનુ પરોલ વિસ્તારમાં એક સશસ્ત્ર શંકાસ્પદ વ્યક્તિ જોવા મળી હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરુ કરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું.જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.

# 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અન્વયે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સોમનાથ પ્રવાસ પૂર્વે પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સોમનાથની મુલાકાતે

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, સુપ્રસિદ્ધ હિંદુ યાત્રાધામ સોમનાથ મંદિર પર મહમૂદ ગઝનવીએ કરેલા બર્બર હુમલાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવા પર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી તા. ૮ થી ૧૧ જાન્યુઆરી 'સોમનાથ સ્વાભિમાન પર્વ' નું આયોજન કરવામાં આવ્યું છે જે અન્વયે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સોમનાથ મુલાકાત પૂર્વે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા આજે સોમનાથ પંહોચ્યા હતાં જ્યાં તેઓએ પ્રથમ જ્યોર્તિલિંગ ભગવાન સોમનાથ દાદાના દિવ્ય ચરણોમાં નતમસ્તક થઈ પૂજા-અર્ચના કરી સર્વેના મંગલ, સુખ, સમૃદ્ધિ તથા કલ્યાણ માટે મહાદેવને પ્રાર્થના કરી હતી.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈ 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ના આયોજનની ભવ્ય પૂર્વતૈયારીઓની સમીક્ષા કરી હતી તેમજ વ્યવસ્થાઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી જરૂરી સુચન આપ્યા હતાં. આ પ્રસંગે રાજ્ય સરકારના કેબિનેટ મંત્રીશ્રીઓ શ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી પ્રદ્યુમનભાઈ વાઝા, રાજ્યકક્ષાના મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયા, પ્રદેશ ભાજપ મહામંત્રીશ્રી અનિરૂદ્ધભાઈ દવે, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી રમેશભાઈ ધડુક સહિત સ્થાનિક અગ્રણીશ્રીઓ અને આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત પ્રદેશ અધ્યક્ષશ્રીએ વિસ્તારના નવ જિલ્લાના સંગઠનના પદાધિકારીઓ અને આગેવાનો સાથે કાર્યક્રમ સંદર્ભે સમીક્ષા બેઠક યોજી હતી.



શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું છે કે, ઈ.સ. ૧૦૨૫માં મહમૂદ ગઝનીએ ભારતની સંસ્કૃતિ અને આત્મગૌરવ પર આઘાત કરતું કૃત્ય કરી સોમનાથ મંદિર પર આક્રમણ કર્યું. મંદિર તોડી પાડવામાં આવ્યું, અપાર લૂંટ ચલાવી. આ હુમલો આસ્થા અને સભ્યતાના એક મહાન પ્રતીકને નષ્ટ કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવેલો એક હિંસક અને બર્બર પ્રયાસ હતો. પછીની શતાબ્દીઓમાં પણ અનેક વખત સોમનાથ પર આક્રમણો થયા, મંદિર તૂટી પડ્યું, ઉજાડ બન્યું. પરંતુ દરેક વિનાશ પછી સોમનાથ ફરી ઉભુ થયું. આ પુનઃસ્થાપન માત્ર એક ધાર્મિક કાર્ય નહોતું, તે ભારતીય ચેતનાનો પ્રતિરોધ હતો. સોમનાથ સાબિત કરતું રહ્યું કે આક્રમણકારો મંદિર તોડી શકે, પરંતુ શ્રદ્ધા તોડી શકતા નથી.

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું, સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો ઐતિહાસિક સંકલ્પ લીધો. તેઓનું માનવું હતું કે સોમનાથનું પુનર્નિર્માણ એટલે ભારતના સ્વાભિમાનનું પુનર્જાગરણ. જનસહયોગથી મંદિર ફરી ઊભું થયું અને ૧૯૫૧માં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે તેનું ઉદ્ઘાટન થયું. મંદિરનું વર્તમાન સ્વરૂપ ૧૯૫૧માં આકાર લઈ શક્યું. આ ક્ષણ ભારતના ઈતિહાસમાં ગૌરવપૂર્ણ બની. આજે સમુદ્રના તટ પર અડીખમ ઉભેલું સોમનાથ મંદિર દરેક ભારતીયને યાદ અપાવે છે કે ભારતની સંસ્કૃતિ અપરાજિત છે. સંયોગ છે કે, ૨૦૨૬નું આ જ વર્ષ સોમનાથ મંદિરના પુનર્નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાનું વર્ષ પણ છે. ૧૧ મે ૧૯૫૧ના રોજ સોમનાથ મંદિરના પુનઃર્નિર્માણનું કાર્ય સંપન્ન થયું હતું.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કહ્યું છે કે, જો હજાર વર્ષ પહેલાં ખંડિત થયેલું સોમનાથ મંદિર સંપૂર્ણ વૈભવ સાથે ફરીથી ઊભું થઈ શકે છે, તો આપણે હજાર વર્ષ પહેલાંનું સમૃદ્ધ ભારત પણ બનાવી શકીએ છીએ. 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત દેશના શિવ મંદિરોમાં ૭૨ કલાક સુધી અવિરત ઓમકાર મંત્ર અને શંખનાદ દ્વારા સમગ્ર વાતાવરણને શિવમય બનાવાશે અને સોમનાથ મંદિરની ૧૦૦૦ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રાનું સ્મરણ કરાશે. સોમનાથ ખાતેના કાર્યક્રમ અંતર્ગત સોમનાથ મંદિરમાં ૧૦૦૦ શંખનો નાદ કરાશે, અને આ આખું વર્ષ સ્વાભિમાન પર્વ તરીકે ઉજવાશે.

## તંત્રી સ્થાનેથી..

# સ્ટીલના ભાવ નક્કી કરવામાં ૨૮ કંપનીઓની મિલી ભગત

અમદાવાદ : ભારતીય પ્રતિસ્પર્ધા આયોગના નજરે સ્ટીલના ભાવમાં મિલીભગત કરીને કરોડોની કમાણી કર્યાના કૌભાંડો ચઢયા છે. એક ગુપ્ત દસ્તાવેજ મુજબ, ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ, સરકારી માલિકીની સેલ અને ૨૫ અન્ય કંપનીઓએ સ્ટીલના ભાવ નક્કી કરવામાં મિલીભગત કરી હતી અને પ્રતિસ્પર્ધા કાયદાનું ઉલ્લંઘન કર્યું હતું.ભારતીય પ્રતિસ્પર્ધા પંચ (સીસીઆઈ)એ ભાવ મિલીભગત માટે ૫૬ વરિષ્ઠ અધિકારીઓને જવાબદાર ઠેરવ્યા છે. આ ટોચના નામોમાં જેએસડબલ્યુના મેનેજિંગ ડિરેક્ટર સજ્જન જિંદાલ, ટાટા સ્ટીલના સીઈઓ ટી.વી. નરેન્દ્રન અને સેલના ચાર ભૂતપૂર્વ અધ્યક્ષોનો સમાવેશ થાય છે. આ વ્યક્તિઓ ૨૦૧૫થી ૨૦૨૩ વચ્ચે વિવિધ સમયે આ ગેરરીતિ અને કથિત કૌભાંડમાં સામેલ હતા. ૬ ઓક્ટોબરના રોજના સીસીઆઈના આદેશને ટાંકીને એક મીડિયા અહેવાલમાં આ કથિત ગેરરીતિનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે સ્ટીલ ઉદ્યોગ સાથે સંકળાયેલો આ અત્યાર સુધીનો સૌથી મોટો કેસ છે. તપાસ ૨૦૨૧માં શરૂ થઈ હતી જ્યારે બિલ્ડરોના એક જૂથે તમિલનાડુ રાજ્યની કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે નવ કંપનીઓ સ્ટીલનો સપ્લાય ઘટાડવા અને કિંમતો વધારવા માટે મિલીભગત કરી રહી છે.

# એસ.સી. મોરચાના પ્રદેશ પ્રમુખ તરીકે ડો.કિરીટભાઈ સોલંકી ની નિયુક્તિ ને આવકારતા પાટણના આગેવાનો



ગુજરાતના પનોતા પુત્ર માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ તેમજ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાજી, કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી નીતિન નબીનજી, ની સહમતી થી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સાહેબ દ્વારા અનુસુચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ તરીકે વીર મેઘમાયા વિશ્વ મેમોરિયલ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ સેન્ટરના ચેરમેન, લોકભાના પૂર્વ પેનલ સ્પીકર, અનુસુચિત જાતિ જનજાતિ સંસદીય સમિતિના પૂર્વ ચેરમેન અને અમદાવાદ પશ્ચિમ લોકસભાના લોકપ્રિય પ્રભાવશાળી પૂર્વ સાંસદશ્રી અને પાટણ જિલ્લાના પનોતા પુત્ર ડૉ.કિરીટભાઈ સોલંકી ની નિયુક્તિ કરવામાં આવી છે.

તાજેતરમાં કમલમ કાર્યાલય ગાંધીનગર ખાતે સંગઠન મહામંત્રી રત્નાકર જી, પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, ઝાંઝરકા મહંતશ્રી અને ભાજપ વર્તમાન ધારાસભ્ય શંભુનાથજી ટુંડિયા તેમજ ભાજપના રાષ્ટ્રીય અને પ્રદેશના સન્માનનીય. પદાધિકારીઓ અને કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં ભાજપ અનુસૂચિત જાતિ મોરચા અધ્યક્ષ તરીકે ડૉ. કિરીટભાઈ સોલંકી એ તેઓએ વિધિવત ચાર્જ સંભાળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છેકે પાટણ જિલ્લાના પનોતા પુત્ર ડૉ.કિરીટભાઈ સોલંકી એ વતન પ્રત્યે લાગણી દાખવી તેઓના સાંસદ તરીકેના કાર્યકાળ દરમ્યાન પાટણ-ભીલડી રેલ પ્રોજેક્ટના વર્ષો જુના પ્રશ્નનો ઉકેલ લાવી પાટણના વિકાસનો પાયો નાખ્યો હતો તેમજ પાટણ જીલ્લામાં એરપોર્ટ બને તે દિશામાં ઉચ્ચ કક્ષાએ અને સંસદમાં રજૂઆત કરી હતી તેઓએ વીર મેઘમાયા મંદિર અને સ્મારક ના વિકાસ સહિત સમગ્ર ગુજરાતમાં આવેલ અનુસુચિત જાતિના ધર્મ સ્થાનકોમાં કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીમાંથી માતબર અનુદાન અપાવી ધર્મસ્થાનકોનો વિકાસ કરાવ્યો છે. શ્રી વીર મેઘમાયાનું નામ સમગ્ર દેશમાં અને વિશ્વ કક્ષાએ લઈ જવા કટિબદ્ધ છે ત્યારે તેઓએ રાણી ની વાવ પાસે આવેલ રેલ્વે અન્ડરપાસને "શ્રી વીર મેઘ માયા અન્ડરપાસ" નામ અપાવ્યું. તેવી જ રીતે સંસદમાં શૂન્ય કાળમાં "શ્રી વીર મેઘમાયા" ના નામ થી પાંચ રૂપિયાના મૂલ્યની ટપાલ ટીકીટ પ્રસિદ્ધ કરાવી તેમજ કેન્દ્ર સરકાર દ્વારા નવિન અમલમાં લાવેલ જળ મંત્રાલય અંતર્ગત શ્રી વીર મેઘ માયાનું નામ પાણી સાથે જોડાયેલ હોવાથી જળ મંત્રાલયની વિવિધ યોજના પૈકી કોઈ એક યોજનાનું નામ "શ્રી વીર મેઘ માયા" ના નામથી યોજના બનાવવામાં આવે તેમજ સો રૂપિયાના ચલણી સિક્કા ઉપર વીર મેઘમાયા અંકિત કરવામાં આવે તેવી સંસદમાં તેમના કાર્યકાળ દરમ્યાન રજૂઆત કરી છે. આમ તેઓએ સંસદમાં તેમના કાર્યકાળ દરમ્યાન વીર મેઘમાયા અને અનુસુચિત જાતિના ધર્મ સ્થાનકોનો તેમજ અનુસુચિત જાતિ અને જનજાતિના માટે વિકાસ માટે ખુબ જ કામગીરી કરેલ હોવાથી  પાટણ જીલ્લાના વિરમાયા પ્રેમીઓ સહીત અનુસુચિત જાતિના કાર્યકર્તાઓ તેમની એસ.સી. મોરચાના પ્રદેશ અધ્યક્ષ તરીકે નિયુક્તિ થતાં હર્ષ ની લાગણી અનુભવે છે તેમજ તેમની આ નિયુક્તિને પાટણ નગરપાલિકા ના કોર્પોરેટર રાજેન્દ્રકુમાર હિરવાણીયા, પ્રદેશ આઈ.ટી. અનુસુચિત જાતિ મોરચાના સેલના સહ કન્વીનર અને પાટણ ના જાણીતા એન્જિનિયર પરેશભાઈ મકવાણા, ડૉ.આંબેડકર અંત્યોદય નિગમ ના પૂર્વ ડિરેક્ટર અરુણકુમાર સાધુ, રવિધામ ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ વિનોદભાઈ સોલંકી,  પ્રદેશ અનુસુચિત જાતિ મોરચાના પૂર્વ કારોબારી સભ્ય લક્ષ્મીચંદ સોલંકી, અનુસુચિત જાતિ મોરચા, ગાંધીનગર ના પ્રમુખ મેહુલ રાજ, સામાજિક આગેવાન રમેશભાઈ મકવાણા, રમણલાલ બેન્કર સહિત પાટણના આગેવાનો ઉપસ્થિત રહી ડૉ.કિરીટભાઈ સોલંકી નું શાલ ઓઢાડીને મોમેન્ટો આપી સ્વાગત સન્માન કરી તેઓની નિમણુંક ને આવકારી હતી.

# ડાંગના વનાર ગામના ખેડુતે પારંપારીક પાકો સિવાય બાગાયતી પાકોનું વાવેતર કર્યું



આહવાઃ તાઃ ૭ઃ 'આપણુ ડાંગ, પ્રાકૃતિક ડાંગ' અભિયાન અંતર્ગત રાજ્યના દક્ષિણ છેવાડે આવેલ પ્રદેશ ડાંગને, વર્ષ ૨૦૨૧ માં સંપૂર્ણ પ્રાકૃતિક ખેતીયુક્ત જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે સઘન પ્રયાસો શરૂ કર્યા છે સાથે જ સમગ્ર દેશમાં ૧ કરોડ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંતર્ગત આવરી લેવા માટેની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત તેમજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સઘન પ્રયાસોથી, આજે રાજ્યમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. ડાંગને પ્રાકૃતિક ખેતીયુક્ત જિલ્લો જાહેર કર્યા બાદ અહી ખેતી સાથે સંકળાયેલા આદિજાતિ લોકોના જીવનમાં નોંધપાત્ર પરિણામ જોવા મળ્યું છે.

ડાંગના વનાર ગામના ખેડુત શ્રી રમેશભાઇ ગાયકવાડે પણ પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી છે. પ્રાકૃતિક કૃષિની તાલીમ મેળવી તેઓ પ્રાકૃતિક ખેતની મુખ્ય આયામો જીવામૃત, ઘનજીવામૃત તેમજ છાણીયા ખાતરનો ઉપયોગ કરીને ખેતી કામ કરી રહ્યાં છે. તેઓ પોતાના ખેતરમાં પારંપારીક પાકો જેમાં નાગલી, ડાંગર, વરઇ વગેરે પાકોની ખેતી કરી રહ્યાં છે. આ સાથે જ તેઓએ પોતાની એક એકર જમીનમાં બાગાયતી પાકોની ખેતી પણ શરૂ શરૂ છે. સરકારના બાગાયત વિભાગ દ્વારા વિવિધ યોજનાઓનો લાભ મેળવીને મલ્ચીંગ અને ટપક સિંચાઈ પદ્ધતિથી બાગાયતી પાકોમાં ટાંમેટા, કારેલાં, રીંગણ, તેમજ સ્ટ્રોબેરીની ખેતીની શરૂઆત કરી છે. તેઓ પધ્ધતિસર ખેતી કરી ખેતીમાંથી આવક મેળવી રહ્યાં છે. સરકાર તરફથી મળતી સહાય અંગે તેમણે જણાવ્યું હતું કે,, "અમને બાગાયતી વિભાગ તરફથી સબસિડી મળે છે. અમને અધિકારીઓ તરફથી જરૂરી તાલીમ અને સહાય બન્ને મળે છે." બાગાયતી વિભાગ દ્વારા કાચા મંડપ, બિયારણ, પ્લાસ્ટિક આવરણ, પેકિંગના મટેરિયલ્સ માટે સહાય આપવામાં આવી છે.

# શામળાજી મહોત્સવ ૨૦૨૬ ની તૈયારીઓની અરવલ્લી જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકી સમીક્ષા કરી..... ભવ્ય અને  સુ વ્યવસ્થિત આયોજન માટે જરૂરી માર્ગદર્શન આપ્યું આપી

મોડાસા ૭ જાન્યુઆરી

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં આગામી ૮ અને ૯ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ બે દિવસથી શામળાજી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે આ મહોત્સવના બીજા દિવસે તારીખ ૯ જાન્યુઆરી ના રોજ માન્ય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કાર્યક્રમો યોજાશે મહોત્સવની તૈયારીઓને અંતિમ સ્વરૂપ આપવા અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી રમણભાઈ સોલંકી એ આજ રોજ શામળાજી ખાતે વિસ્તૃત સમીક્ષા કરી હતી તેમની સાથે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રની ટીમે ત્રણ નિરીક્ષણ કર્યું અને વિવિધ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા આ સમીક્ષા બેઠકમાં વિવિધ વિભાગીય અધિકારીઓ તેમજ શામળાજી મંદિર ટ્રસ્ટીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા પ્રભારી મંત્રી શ્રી એ યાત્રિકોની સુવિધા સુરક્ષા સ્વચ્છતા પાર્કિંગ ટ્રાફિક વ્યવસ્થા તેમજ અન્ય આવશ્યક વ્યવસ્થાઓ પર ભાર મૂકીને ભવ્ય અને સુવ્યસ્તિત મહોત્સવ માટે માર્ગદર્શન આપ્યું હતું શામળાજી મહોત્સવ દરમિયાન હજારો યાત્રિકોની ઉપસ્થિત અપેક્ષિત છે જેમાં ધાર્મિક કાર્યક્રમો સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ અન્ય આકર્ષણોનું આયોજન કરવામાં આવ્યું છે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે જેથી યાત્રિકોને કોઈ અગવડતા ન પડે અને મહોત્સવ સફળતાપૂર્વક યોજાઈ આ પ્રસંગે પ્રભારી મંત્રી શ્રી એ જણાવ્યું હતું કે શામળાજી મહોત્સવ ગુજરાતની ધાર્મિક અને સાંસ્કૃતિક વિરાસતનું પ્રતિકી અને તેને વધુ ભવ્ય બનાવવા સરકાર કટિબંધ છે



# પોસ્ટ ઓફિસમાં નવા આધાર નોંધણી તથા બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ સંપૂર્ણપણે નિઃશુલ્ક : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

નાગરિકોને તેમના નજીકના વિસ્તારમાં આધાર સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી સમગ્ર દેશમાં પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ પોસ્ટ ઓફિસ આધાર કેન્દ્રો દ્વારા નાગરિકોને નવા આધાર નોંધણી તેમજ કોઈપણ પ્રકારના સુધારા અથવા વિસંગતતાની સ્થિતિમાં આધાર અપડેટ કરાવવામાં વિશેષ સુવિધા મળી રહી છે. આ ક્રમમાં, આધાર સેવાઓની સતત વધતી માંગ અને નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને, ગાંધીનગરમાં સેક્ટર-૧૭ પોસ્ટ ઓફિસમાં આધાર સેવા કેન્દ્રનું શુભારંભ ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યું. સવારે ૦૮:૦૦ વાગ્યાથી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી કાર્યરત આ બે નવા આધાર કાઉન્ટર સાથે હવે ગાંધીનગરમાં કુલ ૩૮ પોસ્ટ ઓફિસ આધાર સેવા કેન્દ્રો કાર્યરત થયા છે. ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસમાં પણ લોકોને સમયબદ્ધ અને સરળ સેવા ઉપલબ્ધ કરાવવાના હેતુથી સવારે ૦૮:૦૦ વાગ્યાથી સાંજે ૦૬:૦૦ વાગ્યા



સુધી બે આધાર કાઉન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં કુલ ૨૫૭ પોસ્ટ ઓફિસ આધાર સેવા કેન્દ્રો દ્વારા આધાર સેવાઓ ઉપલબ્ધ છે. પોસ્ટ ઓફિસમાં આધાર નોંધણી તેમજ બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (૫–૭ વર્ષ અને ૧૫–૧૭ વર્ષના વય જૂથ માટે) સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવે છે. જ્યારે નામ, સરનામું, જન્મ તારીખ અથવા મોબાઈલ નંબર જેવા ડેમોગ્રાફિક સુધારાઓ માટે ?૭૫ ફી નિર્ધારિત કરવામાં આવી છે. ફિંગરપ્રિન્ટ અને ફોટો અપડેટ જેવા બાયોમેટ્રિક સુધારાઓ માટે ?૧૨૫ ફી ચૂકવવાની રહેશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે હાલમાં આધાર તમામ નાગરિકો માટે અનિવાર્ય બની ગયુ છે. આવા સમયમાં નવા આધાર સેવા કેન્દ્રોની શરૂઆત કરવાની આ પહેલ નાગરિક-કેન્દ્રિત સેવાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ જ ક્રમમાં ભારતીય પોસ્ટ વિભાગ દ્વારા તમામ શાળાઓમાં બાળકોના ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ માટે પણ વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. વિવિધ શાળાઓ પોતાની જરૂરિયાત મુજબ વિશેષ કેમ્પ યોજવા માટે પોસ્ટ વિભાગને વિનંતી પણ કરી શકે છે. દૂરના વિસ્તારોમાં સામાન્ય લોકો સુધી પહોંચ સુનિશ્ચિત કરવા માટે પોસ્ટ ઓફિસમાં લેપટોપ આધાર કિટોના માધ્યમથી કેમ્પ દ્વારા આધાર નોંધણી તથા અપડેટ કરવાની સુવિધા આપવામાં આવી રહી છે, જેથી છેવાડા સુધી સેવાઓની અસરકારક પહોંચ સુનિશ્ચિત થઈ રહી છે. આ પહેલ ડિજિટલ ઈન્ડિયા, જનસેવા અને છેવાડા સુધી સેવાઓ પહોંચાડવાની દિશામાં પોસ્ટ વિભાગની પ્રતિબદ્ધતાને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમારે જણાવ્યું કે યુઆઈડીએઆઈ દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ અનુસાર દરેક વ્યક્તિએ આધાર નોંધણી/અપડેટ કેન્દ્ર પર ઓછામાં ઓછા ત્રણ વખત હાજર રહેવું જરૂરી છે. પ્રથમ વખત ૦૫ વર્ષની ઉંમર સુધી નવું આધાર નંબર મેળવવા માટે, બીજી વખત ૦૫ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ બાળકના પોતાના બાયોમેટ્રિક વિગતો ફરજિયાત રીતે અપડેટ કરાવવા માટે અને ત્રીજી વખત ૧૫ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ વ્યક્તિના પુનઃ બાયોમેટ્રિક અપડેટ માટે કેન્દ્ર પર હાજર રહેવું જરૂરી બને છે. બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ (૫–૭ વર્ષ તથા ૧૫–૧૭ વર્ષની ઉંમર જૂથમાં) સંપૂર્ણપણે નિઃશુલ્ક છે.આ પ્રસંગે ગાંધીનગરના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમાર, સહાયક નિદેશક શ્રી વી એમ વહોરા, ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ શ્રી દીપક વાઢેર, સહાયક અધિક્ષક શ્રી હેમંત કંતાર, શ્રી દક્ષેશ ચૌહાણ, શ્રી ભાવિન પ્રજાપતિ તથા નિરીક્ષક શ્રી ચિરાગ સુથાર, પોસ્ટમાસ્ટર શ્રી ખેમચંદભાઈ વાઘેલા, સુશ્રી રઈસા મન્સૂરી, શ્રી સંજય પટેલ સહિત તમામ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# અમદાવાદની ૧૮૦૦ શાળાઓના ૫ લાખ વિદ્યાર્થીઓએ લીધા શપથ

ઉતરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ચાઈનીઝ દોરીના જીવલેણ જોખમને ખાળવા માટે અમદાવાદ શહેરની શાળાઓએ એક પ્રશંસનીય પહેલ કરી છે. શહેરની આશરે ૧૮૦૦ જેટલી શાળાઓના ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ પક્ષીઓ અને મનુષ્યોના જીવ બચાવવા માટે સામૂહિક સંકલ્પ લીધા છે.વિદ્યાર્થીઓએ, સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ માંઝા કે કાચવાળી દોરીનો ઉપયોગ ન કરવો અને અન્યોને પણ રોકવા. જો કોઈ પક્ષી ઈજાગ્રસ્ત જણાય તો તેને તાત્કાલિક સારવાર અપાવવી અને કરુણા અભિયાનમાં સહભાગી થવું. આગની ઘટનાઓ રોકવા માટે આકાશમાં તુક્કલ ન ઉડાડવા સહિતની પ્રતિજ્ઞાઓ લીધી હતી.



અમદાવાદ ફઈના જણાવ્યા અનુસાર, દર વર્ષની જેમ આ વર્ષે પણ શિક્ષણ વિભાગ અને વન વિભાગના સહયોગથી આ જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તાજેતરમાં સેવન્થ ડે સ્કૂલ ખાતે સ્થાનિક ધારાસભ્યની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ અબોલ પશુ-પક્ષીઓની સુરક્ષા માટે શપથ લીધા હતા.માત્ર પતંગની મજા જ નહી, પણ સાથે સામાજિક જવાબદારીનું પણ પાલન થાય તે હેતુથી શાળાઓમાં આ નવતર પ્રયોગ શરૂ કરાયો છે. શિક્ષકો અને વહીવટી સ્ટાફે પણ આ શપથમાં જોડાઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ મુહિમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં નાનપણથી જ જીવદયાના સંસ્કારોનું સિંચન કરવાનો અને ઉત્તરાયણના પર્વને લોહિયાળ બનતો અટકાવવાનો છે.

# ધ્રોલમાં હોટલ પર ચા પી રહેલા મોરબીના કોન્ટ્રાક્ટર યુવાનને હડધૂત કરી માર મારી કાર ઝુંટવી લેવાઈ : ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ

મોરબીના વતની કોન્ટ્રાક્ટર રવિભાઈ મનુભાઈ સારસા નામના કોન્ટ્રાકટર યૂવાન પોતાના મિત્રો સાથે કારમાં બેસીને મોરબીથી જામનગર આવી રહ્યા હતા, અને ધ્રોળ નજીક એક હોટલ પર ઉભા રહીને ચા પાણી પી રહ્યા હતા.

જે દરમિયાન ખાનગી ફાઈનાન્સ કંપનીના વાહનો સીઝ કરતા બે વ્યક્તિ લાલભા અને સુખુભા પોતાના અન્ય એક સાગરિત સાથે ત્યાં ધસી આવ્યા હતા, અને આ તમારી જીજે ૩૬ એ.સી. ૪૬૧૦ નંબરની કાર, કે જેના હપ્તા ચડી ગયા છે, તેમ જણાવી બળજબરીપૂર્વક ગાડી આંચકી ગયા હતા, અને કોન્ટ્રાક્ટર યુવાનને માર મારી હડધુત કરાયો હતો.

આખરે આ મામલો ધ્રોલ પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને કોન્ટ્રાક્ટર દલિત યુવાને પોતાની ગાડી ઝુંટવી લઈ પોતાને મારવા અંગે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે જે મામલે પોલીસે એસ્ટ્રોસિટી એક્ટ સહિતની



## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:- 364**
વિષયઃ- મનુષ્યનું જીવન એટલે સત્ય,પ્રેમ,લાગણી,શ્રદ્ધા ને હૂંફ
શીર્ષકઃ- " મસ્ત છે "
પ્રકારઃ- પદ્ય શબ્દોઃ- ૧૨૧

મનુષ્યનું જીવન સત્ય, પ્રેમ, લાગણી, શ્રદ્ધા ને હૂંફનો સુંદર બાગ છે,
આ બધા અમૂલ્ય ગુણો આવે જો જીવનમાં જીવન મસ્ત બને છે.

દુઃખ,ચિંતા,ઉપાધિ તો આ જીવનને ઉધઈની માફક કોરી ખાય છે,
આ બધાંથી પર બનીને ઈશભક્તિ થાય તો જિંદગી મસ્ત બને છે.

તન - મન સ્વસ્થ છે તો જ જીવન સ્વસ્થ બને છે,
તેમાં જો ગરબડ થશે તો બધું જ અસ્વસ્થ બને છે.

સાચી ઈશભક્તિ રોજ કરવા લાગે જો માનવી તો જ,
ને મનમાં વસાવીએ તો જ ઈશ્વર હૃદયસ્થ બને છે.
ચઢ - ઉતાર તો જીવનનો ક્રમ છે એ તો ચાલ્યા કરે છે,
સ્થિતપ્રજ્ઞ બનીને જીવીએ તો મન તટસ્થ બને છે.

વહેતા પ્રવાહ અનુસાર જો જીવનનાવ ચલાવીએ તો,
જીવન સરલ બને, સામા પ્રવાહે તો અસ્તવ્યસ્ત બને છે.

કંટકોની વચ્ચે પણ ગુલાબ ખીલતાં - હસતાં રહે છે,
તોફાનોના ઝકોરાઓ નહીં ઝીલીએ તો તે કષ્ટ બને છે.

ચલિત ના થાવું જિંદગાનીમાં- એ જ સનાતન સત્ય છે,
વિચલિત થઈને રહીશું તો માનવજીવન ભ્રષ્ટ બને છે.

આવો,આવજો, ઊિજ્ઞર્ઝ્દ્રી, ર્ઙ્ગ મ્ગ્ની - કેવા સુંદર છે !
"પંકજ"- સારી રીતરસમ, પરંપરાઓથી જીવન મસ્ત બને છે.
મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા ( ઉપલેટા )

★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : મનુષ્યનું જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રધ્ધા અને હૂંફ
શિર્ષકઃ સાચો પ્રેમ
પ્રકાર : અછાંદસ રૂપક કાવ્ય શબ્દો : ૧૫૭

અચાનક ખૂરશીએ ટેબલને પૂછ્યું,
કે મારા વગર તને ફાવશે?
સાંભળી સવાલ ટેબલના,
થયાં હાલ બેહાલ!
અરે, મને તો આદત છે તારી,
પછી કેમ પૂછે કે તને ફાવશે?
સાલોથી રહ્યા સંગે ને સંગે
તો પછી અચાનક આમ કેમ પૂછે ?

ખૂરશી બોલી : તને ખબર છે મારા પગની!
કંઈ કેટલાય સાંધા અને રંધા માર્યા!
ખબર નથી પણ પહેલા જેવું જોમ
હવે પાછું આવશે કે કેમ?
સાંધો એટલો વાંધો, ખ્યાલ છે ને તને આવો ?

ટેબલ બોલ્યું કે તારા સાંધાનો મને ના વાંધો!
પછી શીદને બોલે આમ?
તારો પગ મારાં પગનાં ટેકે,
મૂકી રાખજે આમ!
પછી જોજે એની મજબૂતી,
ને નહીં સાંધાનું નામોનિશાન!
સાલોથી સાથે રહ્યા,
જુના થયાં તો ભલે થયાં!
મારી આદત તને ને તારી આદત મને!
પછી શાને કાજે દિલ રડાવે એવા સવાલ પૂછે?
એકબીજાના ટેકે રહીશું, પછી સાંધાનો ક્યાં વાંધો?
આટલું સાંભળી દડદડ આંસુએ ખૂરશી બોલી કે,
ક્ષમા માંગુ છું તારી કે ,
આજ પછી કદિ ના પૂછું કે
મારા વગર તને ફાવશે?
ગ્રીષ્મા પંડ્યા (અમદાવાદ)

★★★★★★★

**NOG SS no 387**
વિષયઃ મનુષ્ય નું જીવન એટલે સત્ય,પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રધ્ધા અને હૂંફ.
શિર્ષક: "આ ષટ્કોણ જ જીવન નો ધબકાર છે"
પ્રકારઃ ગદ્ય, શબ્દોઃ ૩૫૦

માનવજીવન માં કામ, ક્રોધ,લોભ,મોહ,મદ, મત્સર જેવા નકારાત્મક ષડરિપુઓ વત્તા ઓછા પ્રમાણમાં હોય છે.તેમ છ સકારાત્મક મિત્રો પણ હોય છે.તેનુ પ્રમાણ આપણા કર્મો નાં જે તે બેલેન્સ પર આધારિત હોય છે.

સત્ય : સત્ય એ જ પરમેશ્વર . સત્ય હંમેશા એક લીટી નું જ હોય છે.જૂઠ ના ફકરાઓ હોય છે.સત્ય ને કારણે આંતરિક શાંતિ અને આનંદ અનુભવાય છે.સત્ય નો રસ્તો કઠિન છે.પણ જીવન નો પાયો પણ છે.

★પ્રેમ :★પ્રેમ જીવન નું ઔષધ છે.પછી તે સ્વ પ્રત્યે નો હોય કે અન્ય પ્રત્યે! વેરાન રણ ને ઉપવન બનાવી દેવાની ક્ષમતા ધરાવે છે.
"સિર્ફ એહસાસ હે યે રુહ સે મહેસૂસ કરો...
પ્યાર કો પ્યાર હી રહને દો કોઈ નામ ન દો."

લાગણીઃ જીવંત માનવ ની સાચી ઓળખ એટલે લાગણી.માગણી વગર સમયસરની લાગણી ના વાવેતર થી સંબંધો નું વૃક્ષ મહોરી ઉઠે છે.સંવેદનશીલ માણસ નું ઘરેણું.કોઈ ની લાગણી સમજવી,કદર કરવી એનું નામ માણસાઈ!
"જ્યાં લાગણી નાં ખજાના
ત્યાં સંબંધો મજાનાં"

વિશ્વાસઃ વિશ્વાસ તો સંબંધો નો શ્ર્વાસ છે.તે સંબંધો ની ઈમારત ને મજબુત બનાવે છે.વિશ્વાસ તૂટે તો સંબંધો માં પહેલા જેવી મધુરતા નથી રહેતી.વિશ્વાસ થી તો ઘર, પરિવાર, સમાજ, રાષ્ટ્ર ની એકતા જળવાઈ રહે છે સાથે પ્રગતિ પણ થાય છે.

★શ્રધ્ધાઃ અશ્રદ્ધા પણ નહી કે અંધશ્રદ્ધા પણ નહી પણ એક સકારાત્મક ગુણ,કે જે અડગ મન સાથે રહી મંઝીલે પહોંચાડવામાં મદદ રૂપ થાય છે.ઈશ્વર ની સમીપ લઈ જતી કડી.

★હૂંફ આપણું અને તાપણું સમયસર મળી રહે તો વ્યક્તિ એકલતા માં થી જલ્દી બહાર નીકળી શકે છે, સુરક્ષા અનુભવે છે.હૂફ નો સંચાર થતાં નિરાશ માનવી ખીલી ઊઠે છે.'સમયસર જાદુ કી ઝપ્પી'- હૂંફ નો ગરમાવો મળતાં બગડેલા સંબંધો નું તાપમાન જળવાઈ રહે છે.પરસ્પર ના આવાં આદાન પ્રદાન થી જીવન સંગીત સુમધુર વહેતું રહે છે

માનવ જીવન માત્ર શ્વાસ લેવાની પ્રક્રિયા જ નથી ,આવાં પોઝિટિવ સંસ્કારો નો મહામૂલો ખજાનો છે.

સત્ય વગર જીવન શૂન્ય જેવું, પ્રેમ વગર પથ્થર જેવું, લાગણી વગર નિર્જીવ પિંજર જેવું, વિશ્ર્વાસ વગર અસ્થિર નાવ જેવું, હૂંફ વગર અસ્ત વ્યસ્ત થઈ જાય છે.
" લાલો "મૂવી માં ઉપરોક્ત છ નેગેટિવ અને પોઝિટિવ પાસા અંગે અદભૂત સમજ આપી છે.
શ્રીકૃષ્ણ સદા સહાયતે
પુનિતા બેન -અમદાવાદ

★★★★★★★

**NOG SS NO. : 0101**
વિષય : મનુષ્ય જીવન એટલે સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ
શીર્ષક : મનુષ્ય જીવનના છ સ્તંભો
પ્રકારઃલેખ★શબ્દો :૩૫૦★

?માનવ જીવન એ ઈશ્વરની શ્રેષ્ઠતમ કૃતિ છે. જીવન માત્ર શ્વાસ લેવાની પ્રક્રિયા નથી, પરંતુ તે ભાવો અને મૂલ્યોનું એક સુંદર સંયોજન છે. જો આપણે જીવનને એક બગીચો માનીએ, તો સત્ય, પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા અને હૂંફ તેના સૌથી સુંદર પુષ્પો છે. આ છ સ્તંભો પર જ માનવતાની ઈમારત ટકેલી છે.
?૧. સત્ય અને પ્રેમઃ જીવનનો પાયો
?જીવનની શરૂઆત સત્ય થી થાય છે. ગાંધીજીએ કહ્યું છે કે 'સત્ય એ જ પરમેશ્વર છે.' જે વ્યક્તિના જીવનમાં સત્ય નથી, તેનું જીવન રેતી પર ચણેલા મહેલ જેવું છે. સત્ય કદાચ કડવું હોઈ શકે, પણ તે આત્માને શુદ્ધ કરે છે. તેની સાથે જ્યારે પ્રેમ ભળે છે, ત્યારે જીવન મધુર બને છે. પ્રેમ એ શક્તિ છે જે પથ્થરને પણ પીગળાવી શકે છે. નિઃસ્વાર્થ પ્રેમ વગરનું જીવન શુષ્ક રણ જેવું છે.
?૨. લાગણી અને હૂંફઃ સંબંધોની સુવાસ
?મનુષ્ય સામાજિક પ્રાણી છે અને તેને અન્ય સાથે જોડી રાખનારું તત્વ લાગણી છે. બીજાના દુઃખે દુઃખી થવું અને બીજાના સુખમાં રાજી થવું એ સાચી માનવતા છે. આજના ભાગદોડભર્યા યુગમાં જ્યારે માણસ એકલો પડી જાય છે, ત્યારે તેને કોઈકની હૂંફની જરૂર હોય છે. હૂંફ એટલે માત્ર શારીરિક હાજરી નહીં, પણ 'હું તારી સાથે છું' એવો મૌન ભરોસો. માતાનો સ્પર્શ કે મિત્રનો ખભો જે હૂંફ આપે છે, તે દુનિયાની કોઈ મિલકત આપી શકતી નથી.
?૩. વિશ્વાસ અને શ્રદ્ધાઃ પ્રગતિના સોપાન
?સંબંધોની દોર વિશ્વાસ પર ટકેલી હોય છે. વિશ્વાસ કેળવતા વર્ષો લાગે છે પણ તૂટતા એક ક્ષણ પૂરતી છે. જો પરસ્પર વિશ્વાસ હોય તો પરિવાર અને સમાજ ટકી શકે છે. જ્યારે આ વિશ્વાસ અસીમ બની જાય ત્યારે તે શ્રદ્ધામાં પરિવર્તિત થાય છે. શ્રદ્ધા એટલે અંધશ્રદ્ધા નહીં, પણ પોતાના પર અને તે પરમ તત્વ (ઈશ્વર) પરનો અતૂટ ભરોસો. શ્રદ્ધા વ્યક્તિને અંધકારમાં પણ પ્રકાશ જોવાની શક્તિ આપે છે.
?ટૂંકમાં કહીએ તો, મનુષ્યનું જીવન આ છ ગુણોની એક અતૂટ માળા છે. સત્યથી આપણે જીવતા શીખીએ છીએ, પ્રેમ અને લાગણીથી આપણે માણસ બનીએ છીએ, અને વિશ્વાસ-શ્રદ્ધાથી આપણે મુશ્કેલીઓ સામે લડવાની શક્તિ મેળવીએ છીએ. જ્યારે આ તમામ મૂલ્યો જીવનમાં વણાઈ જાય, ત્યારે જ જીવન ખરા અર્થમાં સાર્થક અને 'સુંદર' બને છે.

ભરત સાંગાણી ( અમદાવાદ)

★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- ' મનુષ્યનું જીવન એટલે સત્ય, લાગણી, વિશ્વાસ,
આભાર - નિહારીકા રવિયા શ્રદ્ધા, અને હુંફ.'
શીર્ષક :- 'મનનો ખૂણો,'
પ્રકાર :- પદ્ય, ગઝલ (શબ્દો :-૧૦૮)

ભરીદે લાગણી, વિશ્વાસ ને શ્રધ્ધાથી મનનો ખૂણો,
સત્યનું આચરણ જ, જીવન સાતત્યનો એક ખૂણો.
ખૂણે ખૂણો ગોતી લીધો, જગમાં ન મળ્યો ખૂણો,
આશાઓનું સિંચન કરતા, દર્દ ભર્યો આ ખૂણો.

મનમાં મોટી મંજિલ હો, એવો લગાવ્યો ધૂણો,
વિચારોના સમુહ સાથે, મનમાં ભર્યો છે ખૂણો.

સર્વ શુલભ રામને છોડી, ભૂવાની જેમ ધૂણો,
મંદિરમાં પણ ન રાખ્યો, પરમેશ્વરનો ખૂણો.
ઉપદેશ તો દેતો ચાલ્યો, મનમાં લાગ્યો લુણો,
પ્રેમનું પરબ બાંધી તું, ગોતી લે એક ખૂણો.

દુઃખોને તું દોષ ન દે, છે તેના પણ કાંઈ ગુણો,
સૌનો એક સહારો હોય છે, ઘરનો એક ખૂણો.

સમય સાથે સમજુતી કર, શાંત થઈને શુણો,
'સ્વજન' શ્યામને આપીદે, મનનો એક ખૂણો.
(કવિ શ્રી યોગેશભાઈ પંડ્યા ''સ્વજન' (જૂનગઢ)

★★★★★★★

**NOG SS NO: 340**
વિષયઃ "મનુષ્યનું જીવન એટલે સત્ય લાગણી વિશ્વાસ શ્રદ્ધા અને હુંફ"
શિર્ષકઃ"જીવનનો સરવાળો"
પ્રકારઃ અછાંદસ કાવ્ય
શબ્દોઃ ૯૨

?શ્વાસ અને ઉચ્છવાસની વચ્ચે,
જે વહે છે એનું નામ 'જીવન'.
પણ, એ માત્ર ધબકારાનો હિસાબ નથી,
એ તો છે...
?ક્યારેક અણગમતું પણ સ્વીકારવું પડે,
એ અરીસા જેવું ચોખ્ખું સત્ય.

?કોઈ અપેક્ષા વગર જ વરસી પડે,
એ ભીનાશ એટલે પ્રેમ.
?સામેની વ્યક્તિના મૌનને પણ સાંભળી લે,
એ હૃદયના તારની કોમળ લાગણી.

?કાચના ટુકડા જેવો નાજુક,
પણ પર્વત જેવો અડગ એવો વિશ્વાસ.

?જ્યારે રસ્તાઓ બંધ જણાય,
ત્યારે અંધારામાં દેખાતો દીવો એટલે શ્રદ્ધા.

?અને આ બધાની વચ્ચે,
જ્યારે થાકીને લોથપોથ થઈએ,
ત્યારે કોઈના ખભા પર મળતી પેલી માયાળુ હૂંફ.

?આ છ તત્વો મળીને જ તો બને છે,
માણસ હોવાનો અર્થ.
જીવન એટલે જીવવું એટલું જ નહીં,
પણ આ ભાવોને અનુભવીને "સ્વયમ્ભૂ" 'માણસ' બનવું!

અશ્વિન રાઠોડ "સ્વયમ્ભૂ"
વનાળીયા હાલ – મોરબી

★★★★★★★

**NOG SS NO - 162**
વિષય- મનુષ્યનું જીવન એટલે સત્ય
પ્રેમ, લાગણી, વિશ્વાસ, શ્રદ્ધા
અને હુફ
શીર્ષક- સત્ય માં જ ઈશ્વર રહે છે
પ્રકાર- ગધ , શબ્દ-૬૫

માણસ નુ જીવન આખુ સત્ય ના આધારે ટકી રહયુ છે
પે?મ અને લાગણી હશે તોજ જીવન જગત માં માણસ ટકી શકે
વિશ્વાસ ત્રણ શબ્દો થી શોભે છે
અને વિશ્વાસ થી જ વહેવાર
શ્રધ્ધા નહિ હોય તો કેટકેટલા
મનના મનોરથ અધૂરા રહી જાય
હુફ આ હુફ શબ્દ માં કેટલી તાકાત ભરેલી છે સંતોષનો ઓડકાર
ભલું ભલાઈ ભલમનસાઈ એ અદભૂત શબ્દ ગુજરાતી ભાષા નો છે
સત્ય ભલે કડવું હોય પણ એ
સત્ય માં જ ઈશ્વર છુપાયેલ હોય છેપ!

-રેખા રસિક નાકરાણી (મુંબઈ)

# અમરેલીઃ ૪ દિવસમાં ૩ હુમલા અને ૨ મોત બાદ વનવિભાગ સફાળું જાગ્યું, બગસરામાં દીપડાના આંટાફેરાથી ફફડા



અમરેલી જિલ્લામાં છેલ્લા થોડા દિવસોથી વન્યપ્રાણીઓ અને માનવ વસાહતો વચ્ચેનો સંઘર્ષ ચરમસીમા પર પહોંચ્યો છે. સિંહ અને દીપડાના હુમલાની ઉપરાઉપરી ત્રણ ઘટનાઓ બન્યા બાદ વનવિભાગ આખરે સફાળું જાગ્યું છે અને હવે ગામડાઓમાં જનજાગૃતિની કવાયત હાથ ધરી છે. જોકે, બીજી તરફ બગસરાના રહેણાંક વિસ્તારોમાં હજુ પણ દીપડાના આંટાફેરા ચાલુ રહેતા લોકોમાં ભયનો માહોલ છે.

મોત બાદ તંત્ર જાગ્યુંઃ 'ઘોડા છૂટી ગયા પછી તબેલે તાળા'


છેલ્લા ૪ દિવસમાં જ વન્યપ્રાણીઓના હુમલાની ૩ ઘટનાઓ બની છે, જેમાં ૨ નિર્દોષ નાગરિકોના મોત નિપજ્યા છે. આ ગંભીર ઘટનાઓ બાદ વનવિભાગ હરકતમાં આવ્યું છે. ધારી ગીર પૂર્વના ગામડાઓમાં વનવિભાગે જનજાગૃતિ કાર્યક્રમો શરૂ કર્યા છે. ધારીના ગરમલી ખાતે સ્થાનિકો સાથે બેઠક યોજી, વન્યપ્રાણીઓના હુમલાથી બચવા શું કરવું અને શું સાવચેતી રાખવી તે અંગે સમજણ આપી હતી. જોકે, બે વ્યક્તિઓના જીવ ગયા બાદ શરૂ થયેલી આ કામગીરીને લોકો 'ઘોડા છૂટી ગયા પછી તબેલે તાળા મારવા' સમાન ગણાવી રહ્યા છે.

બગસરામાં સોસાયટીની દીવાલ પર દીપડોઃ વીડિયો વાયરલ

એક તરફ વનવિભાગ જાગૃતિ ફેલાવી રહ્યું છે, તો બીજી તરફ વન્યપ્રાણીઓનો ખૌફ ઓછો થવાનું નામ નથી લેતો. બગસરા શહેરમાં જેતપુર રોડ પર આવેલી વ્રજભૂમિ સોસાયટીના રહેણાંક વિસ્તારમાં શિકારની શોધમાં એક દીપડો ચડી આવ્યો હતો. સોસાયટીની દીવાલ પર દીપડો આંટાફેરા મારતો હોવાનો વીડિયો પણ વાયરલ થયો છે.

ભરચક રહેણાંક વિસ્તારમાં વન્ય પ્રાણીના મુક્ત વિહારને કારણે સ્થાનિકોમાં જબરદસ્ત ફફડાટ ફેલાયો છે. કોઈ માનવ જીવન પર હુમલો થાય તે પહેલા વનવિભાગ આ દીપડાને તાત્કાલિક ઝડપી લે અને પાંજરે પૂરે તેવી પ્રબળ લોકમાંગ ઉઠી છે.

# અમરેલીઃ સાવરકુંડલાના મોટા ઝીંઝુડાના જંગલ વિસ્તારમાંથી અજાણ્યા પુરુષનો કોહવાયેલો મૃતદેહ મળ્યો



સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામ નજીક આવેલ ફોરેસ્ટ વિસ્તારમાં એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. લામધાર ડુંગર પરથી મળી આવેલ આ મૃતદેહ અત્યંત કોહવાયેલી હાલતમાં હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની વિગત

મળતી માહિતી મુજબ, સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામ પાસે આવેલા પલાણીયા બીડ વિસ્તારમાં લામધાર ડુંગર ઉપર એક મૃતદેહ પડ્યો હોવાની જાણ સ્થાનિકોને થઈ હતી. આ અંગેની જાણ થતા જ સાવરકુંડલા રૂરલ પોલીસ અને વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ાન પોલીસને એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ ઘણા સમયથી ત્યાં પડ્યો હોવાથી તે સંપૂર્ણપણે કોહવાયેલી હાલતમાં હતો


પોલીસ તપાસ અને અનુમાન

ઘટનાસ્થળની પરિસ્થિતિ જોતા પ્રાથમિક દ્રષ્ટિએ આ આત્મહત્યાનો કિસ્સો હોવાનું પોલીસ અનુમાન લગાવી રહી છે. જોકે, આ હત્યા છે કે આત્મહત્યા અથવા અન્ય કોઈ કારણ, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. સાવરકુંડલા રૂરલ પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને ઓળખ વિધિ અને પોસ્ટમોર્ટમ (ૅ઼) માટે સાવરકુંડલા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી છે.

ઓળખ મેળવવા ચક્રો ગતિમાન

મૃતક કોણ છે અને ક્યાંનો વતની છે તે જાણવા માટે પોલીસે આસપાસના ગામડાઓમાં પૂછપરછ શરૂ કરી છે અને ગુમ થયેલા વ્યક્તિઓની યાદી તપાસવામાં આવી રહી છે. વન વિસ્તારમાં બનેલી આ ઘટનાને પગલે વન વિભાગ પણ સતર્ક બન્યું છે અને પોલીસને તપાસમાં સહયોગ આપી રહ્યું છે.

# માતા પાસે જ અભદ્ર માંગણી કરતા પુત્રની હત્યા કરી'તી




ભાડેર ગામના ખેડૂત પિતાની કબૂલાત : ગત ૨૪ નવેમ્બરે પુત્રએ દારૂના નશામાં માથાકૂટ કરતાં ગળાટૂંપો દઈને લાશને દાટી દીધી હતી

અમરેલી, : ધારીના ભાડેર ગામે વાડીની જમીનમાં દાટેલા માનવ કંકાલ મામલે પોલીસે દૂધનું દૂધને પાણીનું પાણી કરીને હત્યાની ગુથ્થી ઉકેલી હતી, ને પિતાના હાથે દીકરાની હત્યા થઈ હોવાનો સ્ફોટક ખુલાસો થયો હતો, જેમાં આજે કારણ પણ ચોંકાવનારૂં બહાર આવ્યું છે.

ધારીના ભાડેર ગામે ખેડૂત વશરામભાઈ સેંજલીયાએ પોતાના જ સગા દીકરાની ૨૪ નવેમ્બરે ગળે દોરડું વીટીને હત્યા કરી હોવાની પોલીસ તપાસમાં વિગતો ખુલી હતી.

વાડીમાં માનવ કંકાલ જમીનમાં અર્ધુ દાટેલી હાલતમાં હોવાની બાતમી બાજુના ખેતરવાળાએ પોલીસને આપતા તપાસ શરૂ કરવામાં આવી હતી. જેમાં માનવ કંકાલ મળેલ, જે બહાર કાઢી ફોરેન્સિક પી.એમ. અર્થે ભાવનગર ખસેડી વાડી માલિક વશરામ સેંજલીયાની પૂછપરછ કરતા પોતાના હાથે જ દીકરાની હત્યા કરી હોવાની કબૂલાત આપી હતી.

૨૪ નવેમ્બરે પોતાનો દીકરો હિતેશ સેંજલીયા દારૂ પી ને ઘરે માથાકૂટ કરતો હતો. અને માતા સાથે બીભત્સ માંગણી કરી હતી. જેથી પિતા વશરામભાઈ સેંજલીયાને ગુસ્સો આવતા દોરડા વડે ગળેટૂંપો દઈને હત્યા કરી સનેડો ગાડીમાં પોતાની વાડીમાં જઈને દાટી દીધેલ હતો ને બાદ ગઈકાલે ૧ જાન્યુઆરીએ પોલીસને બાતમી મળતા સમગ્ર હત્યાનો ભેદ ઉકેલીને પિતાના હાથે પુત્રની હત્યાના આરોપી પિતા ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે.

# બરવાળા તાલુકા પંચાયત પ્રમુખ વિરેન્દ્રભાઈ ખાચર દ્વારા સ્વદેશોત્સવ, અંગદાન જાગૃતિ અને શ્રેષ્ઠી સન્માનનો ત્રિવેણી સંગમ રચાયો



શ્રી સ્વામિનારાયણ મંદિર, સાળંગપુર(મ્છૅજી) ખાતે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજા સાહેબ, અંગદાન જાગૃતિના પ્રણેતા શ્રી દિલીપભાઈ દેશમુખ (દાદા), જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી જેઠીબેન પરમાર, ધંધુકા ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલ,જિલ્લા વિકાસ અધિકારી શ્રી અક્ષય બુડાનિયા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરતસિંહ વઢેર, શ્રી બ્રિજરાજસિંહ ઝાલા , અને અન્ય અનેક મહાનુભાવો તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ તથા બરવાળા તાલુકાના ભાઈઓ બહેનોની પ્રેરક ઉપસ્થિતિમાં ‘સ્વદેશોત્સવ‘ અને ‘અંગદાન જાગૃતિ‘ અને સન્માન એમ ત્રિવેણી સંગમ રચાયો...

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના ×વિકસિત ભારત ૨૦૪૭× ના લક્ષ્યને પૂરું કરવા માટે ‘લોકલ ફોર વોકલ‘ મંત્રને અપનાવવો ખૂબ જ જરૂરી છે. સાથે જ, ×અંગદાન એ જ મહાદાન× ના મંત્રને સફળ બનાવી સ્વદેશી અભિયાનને પ્રોત્સાહન મળે તેમજ માનવતા મહેકાવવા માટે જનજાગૃતિનો આ પ્રયાસ ખૂબ જ પ્રશંસનીય બની રહ્યોં આ પ્રસંગે બરવાળા તાલુકાના તેજસ્વી શિક્ષકો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું તથા ૪૦૦ થી વધુ લાભાર્થીઓને સ્વદેશી કીટોનુ વિતરણ કરવામાં આવ્યું તો સાથોસાથ અનુસુચિત જાતિના શ્રેષ્ઠીઓનુ સન્માન તેમજ અંગદાન કરનાર દાતાઓના પરિવારનું સન્માન કરવામાં આવ્યું ..આમ બરવાળા તાલુકાના તાલુકા પંચાયતના સંવેદનશીલ,કર્મઠ અને દિલેર પ્રમુખ ભાઈશ્રી વિરેન્દ્રભાઈ ખાચરનો આ પ્રયાસ ખરા અર્થમાં વંદનીય અને સૌ માટે પ્રેરણાનું ઝરણું બની રહ્યોં હતો જેને કેબીનેટ મંત્રી ડૉ.શ્રી પ્રધ્યુમ્ન વાજા સાહેબે પોતાના પ્રેરક પ્રવચનમાં અનહદ રાજીપા સાથે બિરદાવી આવા કાર્યક્રમો બધે થાય તો ખરાં અર્થમાં રાજકીય ક્ષેત્રે ઉત્તમ કામગીરીનો જાહેર જનતાને સંતોષ થાય...એવો સુર પુરાવ્યો હતો. સાથોસાથ તાલુકા વિકાસ અધિકારી શ્રી ખોડિદાસભાઈ પટેલ, ભાઈશ્રી વિજયભાઈ ખાચર તથા હિતેન્દ્રસિંહ દાયમા સાથે સમગ્ર તાલુકા પંચાયત બરવાળાની કર્મઠ ટીમને સૌ કોઈએ હૃદયથી બિરદાવી અભિનંદન પાઠવ્યાં.....ખરા અર્થમાં એક ગૌરવપૂર્ણ, ઐતિહાસિક અને સંવેદના પૂર્ણ કાર્યક્રમનો સૌએ રાજીપો વ્યક્ત કર્યો. આ ભવ્ય અને યાદગાર કાર્યક્રમનું સમગ્ર સુચારું સંચાલન નેશનલ એવોર્ડ વિજેતા શિક્ષક અને ઉત્તમ સ્ટેજ સંચાલક શ્રી પ્રવીણભાઈ ખાચરે કર્યું.

# મરડિયા ખાતે બેરિકેડેસથી પુલ બાળકોની જોખમમાં તાત્કાલિક દૂર કરવા કોંગ્રેસની માંગ

મોડાસા ૭ જાન્યુઆરી

મોડાસર શામળાજી હાઈવે પર મરડિયા ટેશન ખાતે મુકાયેલા પોલીસ બેરીકેડસના કારણે ટ્રાફિક સમસ્યા સર્જાય છે અને જાહેર સલામતીને ગંભીર જોખમ ઊભું થઈ કે આ બાબતે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અરૂણભાઇ પટેલ જિલ્લા પોલીસ અધિક્ષક તથા જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે

મરડિયા વિસ્તાર સંપૂર્ણ ચેનલ બસ સ્ટેશન અને ગ્રામ્ય માર્ગના સમર્થીંગ સ્થળે આવેલો હોવાથી અહીં સતત વાહન વ્યવહાર રહે છે આવા સંવેદનશીલ વિસ્તારમાં અચાનક વાહન ચેકિંગ કરવાની ટ્રાફિકજામ થાય છે એવી વાહનો અચાનક બ્રેક લગાવી પડે છે અને અકસ્માતની શક્યતા વધી જાય છે ખાસ કરીને સ્કૂલના બાળકો વાલીઓ અને મુસાફરો માટે પરિસ્થિતિ અત્યંત જોખમી બની છે

ઉપરાંત બેરીકેટ્સ બસ સ્ટેશન ની જગ્યાએ મૂકવામાં આવ્યા હોવાથી ૨૦૦ સ્ટેશન સુધી પહોંચી શકતી નથી અને અંદાજે ૨૦૦ મીટર દૂર ઊભી રહેલ છે જેના કારણે મુસાફરોને ચાલીને જવું પડે છે અને મારા મુશ્કેલી સહન કરવી પડે છે



પ્રમુખશ્રી અરૂણભાઇ પટેલે જાહેર કીતની ધ્યાનમાં રાખીને મરેડિયા ટેશન પરથી ડેરી ટ્રેડર્સ તાત્કાલિક દૂર કરી ચેકિંગ પોઈન્ટ ને સલામત વિકલ્પ સ્થળે ખચોડા ટ્રાફિક તથા સ્કૂલ ઝોનનું સંરક્ષણ કરવા અને ભવિષ્યમાં આવા જોખમ વાળા સ્થળે વાહન ચેકિંગ ન કરવા માંગ કરી છે

# અરવલ્લી જિલ્લાની સન્ડે ઓન સાઇકલિંગ મોહિની સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું ફિટનેસ અને પર્યાવરણ જાગૃતિનું પ્રતીક બનેલી લોકપ્રિય પહેલ

અરવલ્લી જિલ્લામાં ફિટ ઈન્ડિયા ૫ જાન્યુઆરી ૨૦૨૫ સીટ શરૂ થયેલી આ ઝુંબેશ સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કર્યું છે જિલ્લા કલેક્ટર શ્રીમતી પ્રશસ્તિ પારીકૈ છજી ના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી આ પહેલ ટૂંક સમયમાં જ જિલ્લાના નાગરિકોમાં ફિટનેસનું પ્રતીક બની ગઈ છે અને મેદસ્વિતા મુક્ત ભારતના લક્ષ્ય તરફ મજબૂત પગલું ભર્યું છે આમ મોહિની શરૂઆતથી દર રવિવારે ૫૦ થી ૬૦ નાગરિકો ષાપૂર્વક જોડાઈ રહ્યા છે મહિલાઓ વડીલો યુવાનો તેમજ બાળકો પણ આ સાયકલિંગમાં સક્રિય ભાગ લઈ રહ્યા છે સાયકલિંગની દૂર ૪૦ કિલોમીટર થી લઈને ૧૫૦ કિલોમીટર સુધી ની રહે છે જે



શારીરિક તંદુરસ્તી વધારવાની સાથે પર્યાવરણ જાગૃતિને પણ પ્રોત્સાહન આપે છે

સાયકલિંગના અનેક આરોગ્ય લાભો છે તે વજન નિયંત્રણ મદદ કરે છે હૃદયને મજબૂત બનાવે કે ડાયાબિટીસ જેવા રોગોથી બચાવે છે અને માનસિક તાજગી આપે છે વધુમાં તે સ્નાયુઓને મજબૂત બનાવે છે એકાગ્રતા વધારે છે અને વાહનોના ઉપયોગથી તથા પ્રદૂષણને ઘટાડીને પર્યાવરણની સુરક્ષિત બધા ખંડમાં યોગદાન આપે છે કલેક્ટર શ્રી પ્રશસ્તી પારીકના નેતૃત્વમાં આ પહેલ સંપૂર્ણ સ્વૈચ્છિક અને સમુદાય આધારિત છે જેમાં કોઈ આદેશ કે દબાણ વિના નાગરિકો પોતાની મેળે જોડાઈ રહ્યા છે આ મોહિમ અરવલ્લી જિલ્લાનું ગૌરવ બની છે અને ફિટનેસની ઉજવણી તરીકે જિલ્લામાં લોકપ્રિયતા મેળવી રહી છે આ પ્રસંગે જિલ્લા વહીવટી તંત્ર તરફથી તમામ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ આ મોહીમાં જોડાઈને દર રવિવારે સાયકલિંગ ફિટનેસની ઉજવણી અરવલ્લી નું ગૌરવ

# ધાનેરાની જી.એમ એમ.વલાણી સ્કૂલમાં આનંદ મેળો યોજાયો



ધાનેરાની જી.એમ.એમ વલાણી અંગ્રેજી મીડીયમ સ્કુલ અને દીપ જ્યોત સ્કૂલ ઓફ સાયન્સમાં બાળકો દ્વારા જુદા જુદા ૨૧ સ્ટોલ ઉભા કરી વિવિધ વાનગીઓ બનાવી આનંદ મેળો યોજાયો હતો વિદ્યાર્થીઓની સાથે સાથે તેમના વાલીઓ પણ આ સ્ટોલમાં જોડાયા હતા અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા શાળાનો સ્ટાફ અને શાળાના આચાર્ય અને સંસ્થાના પ્રમુખ અને પધારેલા મહેમાન ગોકળ ભાઈ પટેલ દ્વારા આનંદ મેળાની રીબીન કાપી આનંદ મેળો ખુલ્લો મુકાયો હતો શાળાના આચાર્ય જણાવેલ કે દર વર્ષે આવો આનંદ મેળો થવો જોઈએ તો દરેક બાળકોને વેપાર ધંધો કઈ રીતે કરવો અને બાળકોને એક અને રૂ આનંદ મળે તે હેતુથી આણંદ મેળો યોજવામાં આવે હતો






Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat